Publication: Gujarat Samachar
Date: 5/5/2019
Page: 3
Column: 4-5

ગુજરાત સમાચાર
મુંબઈ, રવિવાર તા.૫ મે, ૨૦૧૯

# આખરે ૭૦ વર્ષની પ્રતિક્ષા બાદ મુંબઈના ગોરાઈના પાડા વિસ્તારમાં વીજળી આવી

(પ્રતિનિધિ દ્વારા) 3/4-5 મુંબઈ તા.૪

દેશની આર્થિક રાજધાની મનાતા મુંબઈ શહેરના ક્ષેત્રમાં આવતા ગોરાઈના જામજડ ખાડામાં ૭૦ વર્ષની પ્રતિક્ષાબાદ વીજ પુરવઠો શરૂ થયો છે. આથી આ વિસ્તાર વીજળીની ઝગમગતા સ્થાનિક રહેવાસીઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી.

## વીજળી ઝગમગાટથી નાગરિકોમાં આનંદ છવાઈ ગયો



ઉપનગરમાં વીજળી પુરવઠો પાડતી અદાની વીજ કંપનીએ જામજડખાડામાં વીજળીના વાયર નાંખવાનું કામ અઠવાડિયામાં પૂર્ણ કર્યું હતું. અને ત્રીજી મેથી ત્યાં વીજળી પુરવઠો શરૂ કરી દીધો છે.

કંપની તરફથી કહેવમાં આવ્યું હતું કે અમે ગોરાઈના જામજડ ખાડામાં વીજળી પુરવઠા માટે કામ પૂર્ણ કર્યું છે. ગામના પરિવારજનોને સહકાર અને પ્રયત્નને લીધે આ કામ પૂર્ણ થઈ શક્યુ છે. ત્યાં વીજળીનો ઝગમગાટથી સ્થાનિક નાગરિકોના ચહેરા પર આનંદ પ્રગટ થતો હતો.

શહેરથી લગભગ ૨૦ કિ.મી.ના અંતરે આવેલા ગોરાઈ ખાતે નાના ડુંગર પર જામપાડા છે. ત્યાં વીજળી પુરવઠો મળતાં શહેરથી નીકટ આવી ગયું છે. અહીં વર્ષોથી વીજળી ન હોવાથી લોકો પરેશાન હતા.